રાજયના કોઇપણ વિસ્તારમાં આવેલ ઝુંપડામાં રહેતા
કુટુંબોને વીજળીની સગવડ પુરી પાડવા બાબત..

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ આરઇએસ/૧૦૯૪/૪૪૦૩/ક-૧,
સચિવાલય,ગાંધીનગર
તારીખ:- 2 JUL 2008

વંચાણે લીધા:- (૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા. ૧૬/૨/૯૬ નો ઠરાવ ક્રમાંકઃઆરઇએસ/૧૦૯૪/૪૪૦૩/ક-૧
(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા. ૧૬/૬/૯૯ નો ઠરાવ ક્રમાંકઃઆરઇએસ/૧૦૯૪/૪૪૦૩/ક-૧
(૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા. ૧/૧/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃઆરઇએસ/૧૦૯૪/૪૪૦૩/ક-૧

ઠ રા વ :-

વંચાણમાં લીધેલ ઠરાવથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ઝુંપડામાં રહેતા આર્થિક રીતે પછાત વર્ગોના કુટુંબોને વીજળીની સગવડ પુરી પાડવાનું ઠરાવેલ હતું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ દ્વારા શહેરી વિસ્તારમાં ઝુંપડામાં રહેતા આર્થિક રીતે પછાત વર્ગોના કુટુંબોને સરકારી યોજનાનો લાભ આપવા દરખાસ્ત થયેલ. જે અંગે વિભાગના તા. ૧/૧/૨૦૦૦ ના ઠરાવમાં ઠરાવેલી વાર્ષિક આવક રૂા.૧૧,૦૦૦/- કરતાં આવકનું ધોરણ હળવું કરવા અને શહેરી વિસ્તારમાં આવેલા તમામ જાતિના ગરીબી રેખા નીચે જીવતા (B.P.L) ઝુંપડામાં રહેતા કુટુંબો માટે ઉકત ઠરાવમાં સુધારો કરવા સુચન થયેલ.

રાજય સરકાર દ્વારા તા. ૧૭-૧૯ નવેમ્બર-૨૦૦૬ ચિંતન શિબિરમાં **"Targeting B.P.L. Convergence of Welfare programmes"** રાખેલ.જેમાં બી.પી.એલ. સેન્સસમાં કુલ-૧૩ આર્થિક સામાજીક સુચકો ધ્યાને લઇ સ્કોર આધારિત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો નિયત થતા હોઇ તથા સમગ્ર ડેટા ગ્રામ વિકાસની વેબસાઇટ પર ઉપલબ્ધ થયેલ હોઇ સરકારની તમામ યોજનાઓના લાભાર્થીઓની પસંદગી માટે આ યાદીનો ઉપયોગ થઇ શકે.

રાજય સરકારના વિભાગો દ્વારા જુદી જુદી રાજય પુરસ્કૃત યોજનાઓના લાભાર્થીઓની પસંદગી કરવાના હેતુસર ૦ થી ૨૦ ગુણાંક ધરાવતા કુટુંબોને "ગરીબ કુટુંબો" પ્રસિધ્ધ કરવાની મંજુરી આપવામાં આવી છે.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તા. ૪/૪/૦૮ ના પત્રથી ગરીબી રેખા નીચે જીવતા લાભાર્થીઓ માટે કલ્યાણકારી યોજનાઓ માટે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની વેબસાઇટ પરના કોમન લીસ્ટ પર ઉપલબ્ધ કોમન લીસ્ટનો ઉપયોગ કરવા સુચન થયેલ હતું. તેમજ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા વિભાગ હેઠળની વિવિધ યોજનાઓ હેઠળ બાંધવામાં આવેલ પાકા આવાસોમાં રહેતા ગરીબ અને પછાત વર્ગના લોકોને ઉર્જા

PI-later

વિભાગની ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ આવરી લેવા દરખાસ્ત કરવામાં આવી હતી.

ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની વેબસાઇટ www. rural dev.gujarat.gov.in પર ઉપલબ્ધ બીપીએલના કોમન લીસ્ટનો બી.પી.એલ.લાભાર્થીઓ ઉપરાંત જેમની વાર્ષિક આવક રૂા.૧૧,૦૦૦/- કરતાં ઓછી છે તે લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવા તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની વિવિધ યોજનાઓ હેઠળ બાંધવામાં આવેલ પાકા આવાસોમાં રહેતા લોકોને વીજળીકરણની સુવિધાથી આવરી લેવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

રાજય સરકારે પુખ્ત વિચારણાના અંતે ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક :(૩) અનુક્રમાંક-(૧) ના બદલે નીચે મુજબનો સુધારો આમેજ કરવાનું આથી ઠરાવેલ છે.

રાજયના કોઇપણ વિસ્તારમાં આવેલ તમામ જાતિના અને ગ્રામ વિકાસ વિભાગની www. rural dev.gujarat.gov.in વેબસાઇટ પરના કોમન લીસ્ટ પર ઉપલબ્ધ બી.પી.એલ.લાભાર્થીઓ ઉપરાંત ગરીબ કુટુંબો કે જેમની વાર્ષિક આવક રૂા. ૧૧,૦૦૦/- કરતાં ઓછી હોય તેઓને વીજળીકરણની સુવિધાથી આવરી લેવાના રહેશે.

તદૃઉપરાંત ગ્રામ વિકાસ વિભાગની વેબસાઇટ પર ઉપલબ્ધ કોમન લીસ્ટમાં દર્શાવેલ તમામ બી.પી.એલ.ગરીબ કુટુંબો તથા જે કુટુંબોની આવક રૂા. ૧૧,૦૦૦/- થી ઓછી હોય તેવા તમામ કુટુંબો કે જે સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ બાંધવામાં આવેલ પાકા આવાસોમાં રહે છે તેમને પણ આ યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામે દર્શાવેલ વિભાગના તા. ૧/૧/૨૦૦૦ ના ઠરાવની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બિપિન પટેલ)
ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વિભાગો.
- ટોરેન્ટ કંપની લી., અમદાવાદ/ટોરેન્ટ કંપની લી.સુરત
- સર્વે મેનેજીંગ ડીરેકટરશ્રીઓ (વીજ વિતરણ કંપનીઓ)
- નાયબ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- સર્વે જીલ્લા આયોજન અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સર્વે શાખાઓ.
- શાખા સિલેકટ ફાઇલ.
- ડી.એસ.ઓ. સિલેકટ ફાઇલ.